ज्ञानं संछिन्न संशयम्। ❖ માસિક ❖ જ્ઞાનથી સંશય નાશ પામે છે.

❑ પ્રારંભ : માર્ચ ૧૯૬૯ — આપણું અને આપણા પરિવારનું સાથી

# પગથાર

❑ વર્ષ : ૪૮ ❑ જાન્યુઆરી - ૨૦૧૭ ❑ અંક : ૪૩૫

● તંત્રી : શ્રી વિજયભાઈ અમૃતલાલ વ્યાસ ● સંપાદક : શ્રી અશોકભાઇ ર. જોષી

શ્રી સર્જન યુવક સંઘ: પેટ્રન - આધારસ્તંભ : રૂા.૫૦૧ કે તેથી વધુ ❖ પગથાર: વાર્ષિક લવાજમ રૂા. ૫૦/- ❖ કિંમત : રૂા. ૫/-

કાર્યાલય : શ્રી સર્જન યુવક સંઘ, ૬,ગુરૂકૃપા, નવવિકાસ સોસાયટી,ડૉ. મસ્કરન્સ વાડી,ઓફ લક્ષ્મણ મ્હાત્રે રોડ, નવાગાંવ ટેકરી, દહિસર-વેસ્ટ, મુંબઈ-400068.

Website : www.pagthar.wordpress.com E-mail : pagthar@yahoo.com or sarjan.pagthar@rediffmail.com

## પરણેલી દીકરીનો એક સંદેશ

વ્હાલાં પપ્પા યાદ આવે છે કે.......
ટ્યુશનમાં મૂકવા આવતી વખતે
ભારે ભીડવાળા રસ્તાની એકતરફ તમે મને ઉતારી
બીજી તરફ હું સહી સલામત પહોંચી જાવ
ત્યાં સુધી રાહ જોતા...
રસ્તાની પેલે પાર પંહોંચી
આપણે સંતોષભર્યા સ્મિતની
આપ-લે કરી છૂટાં પડતાં....
આજે....
એવો જ ભીડભાડવાળો રસ્તોછે જીંદગીનો
બસ.... સામે છેડે દૂર દૂર સુધી
તમે નથી દેખાતા પપ્પા.

## દીકરી ખુશીનો અવસર

દિકરી તારા સોભાગ્યનું સિંદુર આજ ઘોળી લાવ્યો છું.
વિધાતાએ જે લખ્યું હતું તે સરનામું શોધી લાવ્યો છું.
કાળજા કેરો કટકો તુ, વેગળી નથી કરી ક્યારેય.
તારી ને મારી જુદાઈનું કોઈને વચન દઈને આવ્યો છું.
દિકરી તારા માટે આજ પાનેતર લઈને આવ્યો છું.
સપના મારા જે હતા પાલવમાં બાંધી લાવ્યો છું.
પારકી અમાનત છે તુ બીજાની ક્યાં સુધી સંભાળું.
ભારે હૈયે તારી કંકોત્રી હેતના તેડા લખવા લાગ્યો છું.
ઢીંગલી જેવી લાડલી માટે રણઝણ ઝાંઝર લાવ્યો છું.
હૃદય મારું રડે છે પણ મુખ પર સ્મિત લાવ્યો છું.
પથ્થર જેવો બાપ પણ રડી પડે છે દિકરીની વિદાયથી.
આંગણું મારૂં સુનું થાશે હું વિવશ બની ઉભો છું.
સંસાર તારો સ્વર્ગ બને એજ આશિષ ગુંથી લાવ્યો છું.
દર્પણ છે તુજ મારૂ એવો અરીસો લાવ્યો છું.
પારકાને પોતિકા ગણી બન્ને કુળને શોભાવજે.
લૂછી નાંખ આંસુ દિકરી ખુશીનો અવસર લાવ્યો છું.

## બધા એકવાર જરૂર વાંચજો....

એક દીકરીએ એના પિતાને પૂછ્યુ કે આપણા આંગણામાં ખૂણામાં જે વૃક્ષ છે તેને વચ્ચે લગાવી દઈએ તો ? પિતા કહે દીકરી નવી માટીમાં આ ચાર વર્ષ જુનું વૃક્ષ ચાંટી ના શકે. ત્યારે દીકરીએ કહ્યું પિતાજી તમારા આંગણામાં જે ૨૨ વર્ષ જુનું વૃક્ષ છે તે નવી જગ્યા એ કેવી રીતે સેટ થશે. પિતા દીકરીની વાત પર વિચારતા થઈ ગયા કે શક્તિ માત્ર સ્ત્રી પાસે જ છે જે નવા વાતાવરણમાં પણ સેટ થઈ બધાની સેવા કરે છે....

## શ્રી સર્જન યુવક સંઘ

**સમુહ**
**લગ્ન-યજ્ઞોપવિત્-અગીયારસ વ્રતોધાપન**
**સંસ્કાર ઉત્સવ**
**શુભદિવસ**
તા.૨૯-૧-૨૦૧૭, મહાસુદ ૨ સંવત ૨૦૭૩ રવિવાર
શુભસ્થળ
**ગાયત્રી પ્રજ્ઞાપીઠ સભાગૃહ, ગાયત્રી મંદિર, ગાયત્રી રોડ, હિંમતનગર**
પ્રવેશ શુલ્કદાન
યજ્ઞોપવિત્ સંસ્કાર માટે દરેક બટૂકના રૂા.૧૫૦૦/-
લગ્ન સંસ્કાર માટે વરકન્યાના દરેક પક્ષના રૂા.૨૫૦૦/-
અગીયારસ વ્રતોધાપન દરેકના રૂા.૧૫૦૦/-
**મુખ્ય યજમાન**
શ્રી હરિહર પ્રહલાદજી વ્યાસ
સુશ્રી પ્રિતી હરિહર વ્યાસ
**યજમાન**
શ્રી રાજેશભાઈ મનુપ્રસાદ ત્રીવેદી
સુશ્રી સંગીતાબેન રાજેશભાઈ ત્રીવેદી
શ્રી દીલીપ શંકરલાલ ભટ્ટ
સુશ્રી ચેતના દીલીપ ભટ્ટ
સ્વ.પ્રવીણચંદ્ર નાનાલાલ ઠાકર
સુશ્રી પદમાબેન પ્રવિણચંદ્ર ઠાકર
સ્વ.અમૃતલાલ પ્રભાશંકર વ્યાસ
સ્વ.ચંદ્રીકાબેન અમૃતલાલ વ્યાસ
શ્રી નરેશ સન્મુખલાલ પંડયા
સુશ્રી વર્ષા નરેશ પંડયા
શ્રી જશવંત અંબાલાલ જોષી
સ્વ.નયનાબેન જશવંત જોષી
સુશ્રી હીરાબેન નાનાલાલ જોષી
સ્વ.નાનાલાલ મોહનલાલ જોષી
હ.: શ્રી દુષ્યંત કોદરલાલ જોષી
શ્રી અનીરૂધ્ધ વાસુદેવ જપી
શ્રી કમલ વસંતલાલ પંડયા
શ્રી કશ્યપ મુળશંકર ભટ્ટ
શ્રી શંકરલાલ અંબાશંકર જોષી
હ.: શ્રી પ્રધુમ્ન શંકરલાલ જોષી
સુશ્રી કંચન ભરત વ્યાસ
સ્વ.ચીમનલાલ દત્તરામ પંડયા
સ્વ.ચીમનલાલ વિઠ્ઠલરામ ત્રીવેદી
હ.: ભાવના પ્રકાશ ત્રીવેદી
શ્રી પ્રવિણચંદ્ર મોહનલાલ જોષી
●●●

આ ઉત્સવ દરમિયાન સુશ્રી કંચનબેન ભરતભાઈ વ્યાસ (દેરોલ) તરફથી પ્રત્યેક વરને પેન્ટ-શર્ટ પીસ, કન્યાને જોડી કપડાં, બટૂકને રૂા.૨૦૧ તથા અગીયારસ વ્રતોધાપનકર્તાને રૂા.૧૦૧ અને સુશ્રી અંજનાબેન વિનયભાઈ જાની (દેરોલ) તરફથી પ્રત્યેક વરને એક ઘડીયાળ, પ્રત્યેક કન્યાને એક ઘડીયાળ, બટૂકને રૂા.૧૦૧ તથા અગીયારસ વ્રતોધાપનકર્તાને રૂા.૧૦૦ ભેટ અપાશે.

**સંપર્ક**
**શ્રી અશોકભાઈ ર. જોષી** - ફોન M (0) 98670 53517
**શ્રી હરિહરભાઈ પ્ર. વ્યાસ** - ફોન M (0) 94265 35646
**શ્રી જશવંતભાઈ અં. જોષી** - ફોન M (0) 97256 88266
**શ્રી બીપીનભાઈ અં. ઉપાધ્યાય** - ફોન M (0) 97241 55316
**આપનો સહયોગ એ જ આનંદ**

## જ્ઞાતિ ગંગાને તીરે

જ્ઞાતિગંગાના પાવન તીરે જીવ બને સંસ્કારી
અપ-સંસ્કૃતિથી રક્ષણ આપે જ્ઞાતિ મહત્તા ભારી
ગોત્ર આપણી ઓળખ પહેલી, એ ઋષીની સ્મૃતિ મનમાં
વેદોના વચનો વૈજ્ઞાનિક, સચોટ આ જીવનમાં
આદિ શંકરે વ્યાખ્યા દ્વારા તેને સરળ બનાવ્યા
તેના મનન થકી સન્માર્ગે સૌ આસ્થાળુ આવ્યા
જ્ઞાતિ છે એક સમૂહ પ્રાર્થના સર્વેભવંતુ સુખિન: જેવી
એ જ ભાવના સર્વોત્તમ છે, સદા અનુભવવા જેવી

**-હિંમત જોષી** (નાગપુર)

## સુખનો સ્વભાવ !

સુખ વિશે એટલું બધુ લખાયું છે અને એટલી બધી વ્યાખ્યાઓ થઈ છે કે, સુખનું સાચુ સ્વરૂપ ક્યું તે જ સમજી શકાતું નથી. કોઈને સુખ ભૌતિક સાધનોના ભોગમાં દેખાય છે તો કોઈને વળી અન્ય પાસે નથી તે મારી પાસે છે. તેની સરખામણીમાં વર્તાય છે. કોઈકને સુખ ઈશ્વરની ઈચ્છામાં દેખાય છે તો કોઈક મનને ગમતું મળી રહે તેમાં સુખ સમજે છે. કોઈ ધન દોલતની પ્રાપ્તીમાં તો કોઈક નિજાનંદ અને પરબ્રહ્મની પ્રાપ્તીમાં સુખ માણે છે. કોઈ પરિવારના સુખચેનમાં તો કોઈક સત્તા અને સગવડોમાં સુખ શોધે છે. આમ પેલા ચાર અંધજનોએ અલગ અલગ રીતે મુલવેલા વિશાળકાય હાથી જેવું સુખ લાગે છે. એક અંધ સ્વજનના હાથમાં હાથીનું પુંછડું આવ્યું તો તેને સુખ દોરડા જેવું પાતળુ લાગ્યું, બીજાના હાથમાં હાથીની સુંઢ આવી તો તેને સુખ નળા જેવું પોલું લાગ્યું. ત્રીજાના હાથ હાથીના પગને અડ્યા તો તેને સુખ થાંભલા જેવું નક્કર લાગ્યું તો વળી ચોથાનાં હાથમાં હાથીના કાન આવ્યા તો તેને સુખ સુપડા જેવું પહોળું લાગ્યું. આમ હકિકતે સુખની કોઈ ચોક્કસ વ્યાખ્યા જ થઈ શકી નથી, સુખ એ એક આભાસી ખ્યાલ માત્ર છે ક્યારેક એકનું સુખ બીજા માટે ન પણ હોઈ શકે તો ક્યારેક અન્યનું દુ:ખ બીજા માટે સુખનો સાગર પણ બની શકે.

જો કે એ પણ સ્વિકારવું જ રહ્યું કે જે સુખને આપણે આભાસી ખ્યાલ કહીએ છીએ તે જ 'સુખ' માનવ જીવનમાં મહત્વનું લક્ષ બની રહેતું હોય છે. જન સામાન્ય આ આભાસી સુખને મેળવવા સતત દોડતો જોવા મળે છે અને ક્યારેક લક્ષ પ્રાપ્તી પણ થાય તો પણ વધુ ને વધુ લાલસામાં દોડતો જ રહે છે તેની પાછળ જીવન ખર્ચી નાખે છે - થાકી જાય છે, હારી જાય છે. આમ સુખ ઝાંઝવાના જળની જેમ માનવીને દોડતો જ રાખે છે.

મારે અહીં સુખની કોઈ નવી વ્યાખ્યા બાંધવી નથી પણ તેના સ્વભાવની વાત કરવી છે. જાણીતા સંત પૂ.મોરારીબાપુએ સુખ વિશે વિશદ્ ચર્ચા કરી છે. તેમણે સુખનું વિશ્લેષણ કરી કહ્યું છે કે "સુખનો મૌલિક સ્વભાવ વિભાજનનો છે જ્યારે દુ:ખનો મૌલિક સ્વભાવ એકતા અને સંગઠનનો છે" તેમની આ વાત ખૂબ સમજવા જેવી છે.

એક પરિવાર, પારાવાર દુ:ખ ભોગવી પુષ્કળ મહેનત પછી જ્યારે ધનવાન અને સંપત્તિવાન થાય છે અને 'સુખી' થાય છે ત્યારે વિવિધ પ્રકારની ભૌતિક સગવડો ગાડી, બંગલા, વાડી, વજીફા, ખરીદે છે, વસાવે છે. તેના દુ:ખના સમયમાં પાંચ-સાત જણનો એ પરિવાર એક નાનકડા તુટ્યા ફૂટ્યા ઘરમાં એકજ છત નીચે અડધો રોટલો પણ વહેંચી ને ખાતો હતો, મર્યાદિત સાધનોથી જ જીવન પસાર કરતો હતો, તેને હવે સુખ આવતાં પ્રત્યેક માટે અલગ ગાડી, અલગ લીવીંગરૂમ, અલગ ડ્રાઈંગ રૂમ અરે અલગ-અલગ બંગલા બાંધવા માંડે છે. પ્રત્યેકનું અલગ-આગવું કશુંજ સહીયારૂં નહીંની લાગણી સાથે વિભાજનની અને અલગતાની દિવાલો ચણતો જ જાય છે. પરસ્પર વચ્ચે ભેદ રેખાઓ દોરતો જ જાય છે અને એ પરિવારના પ્રત્યેક સભ્ય એકમેકથી અલગ પડી જાય છે અને વિભાજીત થઈ જાય છે. 'સુખ' પોતાનો પાઠ બરાબર ભજવે છે અને પરિવારમાં માઈલોનું ભાવાત્મક અંતર પડી જાય છે. હમણાં ગુજરાતમાં ભૂકંપ આવતાં દુ:ખના સ્વભાવનું પણ દર્શન થયું. અમદાવાદના એક ઊંચા ટાવર બીલ્ડીંગમાં આઠમા માળે રહેતા એક સુખી સજ્જન ભૂકંપ પહેલાં ભોયતળીયે રહેતા ઈસ્ત્રીવાળા, કોલસાવાળા, દૂધવાળા કે છાપાવાળા જેવા સામાન્ય માણસને ઓળખતા પણ નહોતા કાં તો ઓળખે તો તૂચ્છકારભરી દ્રષ્ટિથી જ જોતા. ગાડીમાં આવવાનું, ગાડીમાં જવાનું અને આઠમા માળની વૈભવી ફ્લેટની બાલ્કનીમાં બેસી ઉંચે આકાશમાં જ જોવાનું, નીચે જોવાની તેમને ટેવ પડી જ ન્હોતી. પણ ભૂકંપે એવી તો છાતીમાં લાત મારી કે તેમનો ફ્લેટ ધરાશાયી થયો, પરિવાર કાટમાળમાં ધરબાઈ ગયો, આખુ આકાશ તેમના પર તૂટી પડ્યું, પારાવાર દુ:ખ ઓચિંતુ આવી પડ્યું. તેઓ આઠમા માળથી સીધા ભોંયતળીયે આવી ગયા અને લાચાર દીન-હીન હાલતમાં મુકાઈ ગયા. હવે દુ:ખે તેનો પાઠ ભણાવવા માંડયું. પેલા ભોંયતળીયે રહેતા ગરીબ પણ મહેનતકશ લોકો સાથે પરાણે હસવા બોલવા લાગ્યા, પરાણે ભાઈચારો અને દોસ્તીની વાતો વાગોળવા લાગ્યા. એકતા અને સંગઠનમાં જ સલામતી છે તે વાત બરોબર સમજવા લાગ્યા. આમ સુખમાં સહુથી અલગ મગરૂરીમાં રહેતા સજ્જન દુ:ખમાં સહુની સાથે સંપથી જીવન જીવવા લાગ્યા.

ઉપરોક્ત દર્શનથી એમ નથી લાગતું કે આપણે સુખની ગેલછામાં ભાઈચારો, મિત્રતા, પારિવારિક સંપ અને લાગણીના સંબંધો અને સંબંધોની ભીનાશ ગુમાવી રહ્યા છીએ ?

સુખ સગવડો ખરીદી આપે છે પણ મનની શાંતી ભાગ્યે જ આપે છે. આત્મ સંતોષની નાનકડી ગાગરમાં જ સાચું સુખ સમાયેલું છે. ઘણા સુખી સજ્જનો ઉંઘવા માટે ઉંઘની ગોળીઓ લેતા જોવા મળે છે.

શું આપણે એવા સુખને જાકારો ન આપી શકીએ જે આપણા મહામુલા પારિવારિક સંબંધો, મિત્રતા, ભાઈચારો, લાગણીની ભીનાશ પ્રસરાવતા સંબંધોથી આપણને સતત વિમુખ કરતું હોય ? સુખનો વિભાજનનો સ્વભાવ બદલવો આપણા જ હાથમાં છે, થોડો ભાવયુક્ત પ્રયત્ન કરવા જેઓ છે. - અસ્તુ

'પગથાર'ના પૂર્વતંત્રી **શ્રી વિનાયક મ. મહેતા**નો તંત્રીલેખ આ 'સુખનો સ્વભાવ'લેખ પગથારના એપ્રીલ ૨૦૦૧ના અંકમાં પ્રગટ થયેલ તે અંહી ફરી પ્રગટ કર્યો છે.

---

## અભિનંદન



**જલદીપ કનૈયાલાલ ઠાકર** (ઉમેદપુરા)ને ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ તરફથી સન ૨૦૧૬નો મહાદેવ દેસાઈ સમાજસેવા પુરસ્કાર શ્રી મહાદેવભાઈ દેસાઈના જન્મદિન તા.૧-૧-૨૦૧૭ના રોજ સમારોહમાં અર્પણ કરાયો છે. ગુજરાત વિદ્યાપીઠના કુલપતિ સુશ્રી ઈલાબેન ભટ્ટે આ સમારોહનું અધ્યક્ષપદ સંભાળ્યું હતું. અને ગ્રામશીલ્પી શ્રી જલદીપ કનૈયાલાલ ઠાકરને આ પુરસ્કાર અર્પણ કરાયો હતો.




સુશ્રી શ્વેતા તથા શ્રી આશીષ રમણિકલાલ પંડયા (કડોલી)ના સુપુત્ર **ચિ.વત્સલ** અત્યારે N.C.College 12th Std. માં અભ્યાસ કરે છે અને તે Fashion Show નો Head છે. ફેશન શોની Inter College Competition માં તાજેતરમાં ભાગ લીધો હતો. આ Competition National Level હતી અને તેમાં સંગ્રહ India માંથી Participants હતા. આ Competition માં વત્સલને Tarangan Fashion Show માં પ્રથમ ઈનામ Josh Fashion showns ત્રીજુ ઈનામ અને Kurushetra Fashion Showમાં બીજુ ઈનામ તાજેતરમાં પ્રાપ્ત થયુ છે.


શુભેચ્છા સહ...

# સ્વ. પરિમલ નાથાલાલ ભટ્ટ

તાલુકા : વિજાપુર, જિલ્લા : મહેસાણા,
આગલોડ, ઉત્તર ગુજરાત

।।ૐ નમઃ શિવાય।।  ।।ૐ નમઃ શિવાય।।  ।।ૐ નમઃ શિવાય।।

**શ્રી ધારેશ્વર મહાદેવ પબ્લિક ટ્રસ્ટ - ખેડાવાડા તા.હિંમતનગર, જિ.સાબરકાંઠા, ગુજરાતના**

**ઉપક્રમે અને ખેડાવાડા, જોરાપુર, આનંદપુરા, લક્ષ્મીપુરા ગામોના સંયુકત સહયોગથી**

**શ્રી મહારૂદ્ર યજ્ઞ સંચાલન સમિતિ દ્વારા લોક કલ્યાણ અને વિશ્વશાંતિ અર્થે**



**અગિયાર કુંડી ત્રિદિવસીય**

# મહારુદ્ર યજ્ઞ



**નું આયોજન કરવામાં આવેલ છે.**

**આચાર્ય શાસ્ત્રીશ્રી ભરતભાઈ ભટ્ટ (બડોલી)**  **ઉપાચાર્ય શાસ્ત્રીશ્રી નૈનેષભાઈ પંડયા (મુનપુર)**

---

**પ્રારંભ : સંવત ૨૦૭૩ મહા વદ-૯ને સોમવાર, તા.૨૦-૦૨-૨૦૧૭**

**પૂર્ણાહૂતિ : સંવત ૨૦૭૩ મહા વદ-૧૧ને બુધવાર, તા.૨૨-૦૨-૨૦૧૭**

**મહાપ્રસાદ : તા.૨૨-૦૨-૨૦૧૭, બુધવારે સવારે ૧૦-૩૦થી આપના આગમન સુધી...**

---

**પશ્ચિમ વિસ્તારના શ્રધ્ધા અને વિશ્વાસના કેન્દ્ર સમા સ્વયંભુ શિવલીંગ સ્વરૂપે બીરાજતા ભગવાન શ્રી ધારેશ્વર મહાદેવના શુભાશિષ અને આશિર્વાદ પ્રાપ્ત કરવા અને દર્શનનો લાભ લેવા આજુબાજુના ગામોની સર્વ ધર્મપ્રેમી જનતાને વિનંતી કરવામાં આવે છે.**

---

**નોંધ :** યજ્ઞ અંગેની વિવિધ યોજનાઓમાં સહભાગી થનાર દાતાઓના નામ મહારૂદ્ર યજ્ઞની "આમંત્રણ પત્રિકા" માં ફોટા સાથેપ્રસિધ્ધ કરવામાં આવશે. જે દાતાએ રૂા.૫,૦૦૦/-કે તેથી વધુ રકમનું દાન રોકડ કે વસ્તુ સ્વરૂપે આપ્યું હશે તેના નામો દાતાના ફોટા સાથે આમંત્રણ પત્રિકામાં પ્રસિધ્ધ કરવામાં આવશે. જે દાતાએ રૂા.૧,૧૦૦/- કે તેથી વધુ પણ રૂા.૫,૦૦૦/-થી ઓછી રકમનું દાન આપ્યું હશે તેમના નામ આમંત્રણ પત્રિકામાં દાતાશ્રીઓની નામાવલી યાદીમાં પ્રસિધ્ધ કરવામાં આવશે. દાનની રકમની નોંધ તા.૧૦-૧-૨૦૧૭ સુધી કરાવી હશે તેનું જ નામ પત્રિકામાં સમાવેશ કરવામાં આવશે.

આ યોજનાઓનો લાભ લેવા અને ભગવાન શ્રી ધારેશ્વર દાદાના શુભાશિષનો લ્હાવો લેવા સર્વ ધર્મપ્રેમી જનતાને જાહેર વિનંતી કરવામાં આવે છે. ઉપરોક્ત યોજનાઓ "**વહેલા તે પહેલાનો**" નોંધાવામાં આવશે. યોજનાઓની માહિતી અને નોંધણી માટે ટ્રસ્ટી શ્રી વસંતભાઈ સી. પટેલનો જ સંપર્ક કરવા વિનંતી. મો.: ૯૯૭૪૧૮૯૨૩૪/૯૭૩૭૪૩૩૪૦૮.

ચેક/ડ્રાફ્ટ "**શ્રી ધારેશ્વર મહાદેવ પબ્લિક ટ્રસ્ટ**" ના નામનો લખવા વિનંતી. ધારેશ્વર મંદિર સંપર્ક : ૦૨૭૭૨-૨૭૫૩૪૪

અગાઉ જાહેર કરવામાં આવેલ યજ્ઞ સમારોહની તારીખોમાં ઉપર પ્રમાણે ફેરફાર થયેલ છે. જેની નોંધ લેવી.

**આયોજક**

**રેવાભાઈ મોહનલાલ પંચાલ**
**પ્રમુખશ્રી**
**શ્રી ધારેશ્વર મહાદેવ પબ્લિક ટ્રસ્ટ તથા ટ્રસ્ટી મંડળ**

**ગજાનન રમણીકલાલ પાઠક**
**સંયોજકશ્રી**
**શ્રી મહારૂદ્ર યજ્ઞ સંચાલન સમિતિ**

**ભગાભાઈ જે. પટેલ - પ્રદીપકુમાર કે. પાઠક**
**સહસંયોજકશ્રી, શ્રી મહારૂદ્ર યજ્ઞ સંચાલન સમિતિ**

**સૌજન્ય : રૂખીબા પરિવાર - ખેડાવાડા**



સંતાનોને એટલાં બધા લાયક ના બનાવતા કે એ તમને નાલાયક ગણે.

## શતં જીવ શરદ:

**('સર્જન'ના સભાસદો અને /અથવા 'પગથાર'ના પેટ્રન-આધારસ્થંભ દાતા)**

| | | | |
|---|---|---|---|
| સુશ્રી ચેતનાબેન દીલીપભાઈ ભટ્ટ | આગલોડ | ૧૧મી જાન્યુઆરી | (079) 29096599 |
| સુશ્રી નેહા જીગર જોષી | મોયદ | ૧૧મી જાન્યુઆરી | 09574702668 |
| શ્રી હરેશભાઈ ચુનીલાલ જોષી | દેરોલ | ૧૨મી જાન્યુઆરી | 09324111193 |
| શ્રી જનકભાઈ વાસુદેવ જપી | સાચોદર | ૧૪મી જાન્યુઆરી | (079) 23260555 |
| સુશ્રી નીતા અશ્વિન પંડયા | સાચોદર-વડોદરા | ૧૪મી જાન્યુઆરી | 08401429262 |
| સુશ્રી વિભા જીગ્નેશ જોષી | ઈલોલ | ૧૫મી જાન્યુઆરી | 09898298998 |
| શ્રી પાર્થ હેમાંશુભાઈ જપી | પ્રેમપુર | ૧૬ મી જાન્યુઆરી | 09819576241 |
| શ્રી નીલમ મીતેષ ભટ્ટ | ઈલોલ | ૧૬ મી જાન્યુઆરી | 09769826304 |
| સુશ્રી પ્રેરણાબેન વિજયભાઈ વ્યાસ | દેરોલ | ૧૮મી જાન્યુઆરી | (022) 28491595 |
| શ્રી સમીર ભરતભાઈ જોષી | દાવડ | ૧૮મી જાન્યુઆરી | 08879115775 |
| સુશ્રી પૂર્ણિમાબેન યોગેશભાઈ ઉપાધ્યાય | સાચોદર-મુંબઈ | ૧૯મી જાન્યુઆરી | (079) 23260252 |
| શ્રી હેમાંશુભાઈ શંકરલાલ જપી | પ્રેમપુર | ૧૯મી જાન્યુઆરી | 09987694062 |
| શ્રી નલિનભાઈ ઉમીયાશંકર દેસાઈ | દેરોલ-મુંબઈ | ૨૧મી જાન્યુઆરી | (022)23803841 |
| સુશ્રી ભાવનાબેન મયુરભાઈ જોષી | ઈલોલ | ૨૧મી જાન્યુઆરી | - |
| સુશ્રી સોનલ અમીત લાલાજી | આગલોડ-મુંબઈ | ૨૧મી જાન્યુઆરી | (0250) 2342180 |
| શ્રી દેવર્ષી રમેશભાઈ પંડયા | સંઘપુર | ૨૧મી જાન્યુઆરી | (022) 28282135 |
| શ્રી તન્મય કિરણભાઈ ઠાકર | બેરણા | ૨૩મી જાન્યુઆરી | (0268) 2556485 |
| સુશ્રી વિરલ અન્વેશ જોષી, | આગલોડ | ૨૪મી જાન્યુઆરી | 09869181866 |
| શ્રી અનીરૂધ્ધભાઈ વાસુદેવ જપી | સાચોદર | ૨૪ મી જાન્યુઆરી | 09427803175 |
| શ્રી ઉદયભાઈ ડાહ્યાલાલ જોષી | દેરોલ | ૨૫મી જાન્યુઆરી | 09574864657 |
| સુશ્રી અંકિતા મુંજાલ જપી | પ્રેમપુર- USA | ૨૫ મી જાન્યુઆરી | 0015515804441 |
| શ્રી સંદીપ દીલીપભાઈ ભટ્ટ | આગલોડ | ૨૬મી જાન્યુઆરી | 0097143512045 |
| સુશ્રી અરૂણાબેન નરોત્તમદાસ ત્રીવેદી | આગલોડ-હિંમતનગર | ૨૬મી જાન્યુઆરી | 09376116837 |
| શ્રી ઘનશ્યામ સૂર્યકાન્ત પાઠક | આગલોડ-અમદાવાદ | ૨૬મી જાન્યુઆરી | 09825300688 |
| શ્રી રજનીકાંત દેવશંકર જોષી | ઈલોલ | ૨૭મી જાન્યુઆરી | 09327059383 |
| શ્રી મહેન્દ્રભાઈ મગનલાલ ભટ્ટ | મુંબઈ-બામણા | ૨૭મી જાન્યુઆરી | 09820572024 |
| શ્રી નરેશભાઈ અંબાલાલ ઠાકર | પ્રેમપુર | ૧લી ફેબ્રુઆરી | 09619108422 |
| શ્રી સમીર સુરેન્દ્રભાઈ ઠાકર | પેઢામલી | ૧લી ફેબ્રુઆરી | 07046798741 |
| શ્રી જયપ્રકાશ હિંમતલાલ વ્યાસ | દાવડ | ૧લી ફેબ્રુઆરી | - |
| શ્રી પ્રિયમ ભરતભાઈ વ્યાસ | દેરોલ | ૧લી ફેબ્રુઆરી | 09820317471 |
| શ્રી જીતેન્દ્ર બાબુલાલ રાવલ | પ્રેમપુર | ૧લી ફેબ્રુઆરી | 09979608589 |
| સુશ્રી જયશ્રીબેન કશ્યપભાઈ ભટ્ટ | આગલોડ | ૧લી ફેબ્રુઆરી | 09724477726 |
| શ્રી ડૉ.પંડ્યા મનોજ નંદકિશોર | આગલોડ-મુંબઈ | ૨જી ફેબ્રુઆરી | 09870410078 |
| શ્રી ભરતભાઈ પોપટલાલ ત્રીવેદી | દેરોલ | ૩જી ફેબ્રુઆરી | 09924008029 |
| શ્રી ભદ્રેશભાઈ ઉપેન્દ્રભાઈ જોષી | પ્રેમપુર | ૩જી ફેબ્રુઆરી | 09825056415 |
| શ્રી સુનીલભાઈ કપીલદેવ વ્યાસ | બેરણા | ૪થી ફેબ્રુઆરી | 09820832052 |
| શ્રી મહેશભાઈ ચુનીલાલ જોષી | આગલોડ | ૫મી ફેબ્રુઆરી | 09821330866 |
| શ્રી જીગ્નેશ જીતેન્દ્રભાઈ શાહ | આગલોડ-મુંબઈ | ૫મી ફેબ્રુઆરી | 09820082122 |
| શ્રી વિનોદભાઈ હિંમતરામ જાની | દેરોલ | ૭મી ફેબ્રુઆરી | 08511241049 |
| શ્રી પ્રણવ નરેન્દ્રભાઈ ભટ્ટ | આગલોડ | ૭મી ફેબ્રુઆરી | 08347538938 |
| શ્રી મહેશભાઈ છોટાલાલ જોષી | દાવડ | ૭મી ફેબ્રુઆરી | 09426542795 |
| સુશ્રી પ્રિતિબેન વિજયભાઈ પાઠક | ખેડાવાડા | ૭મી ફેબ્રુઆરી | (022) 21025377 |
| શ્રી કલ્પેશ સુભાષભાઈ ઉપાધ્યાય | કડોલી | ૭મી ફેબ્રુઆરી | 09925430205 |
| સુશ્રી સંગીતા મનીષ જોષી | દાવડ | ૭મી ફેબ્રુઆરી | 09221002985 |
| શ્રી અતુલ પુરૂષોત્તમદાસ પાધ્યાય | જામળા | ૯મી ફેબ્રુઆરી | (02626)234191 |
| શ્રી ડૉ.કરણ કૌશીકભાઈ દવે | આગલોડ-મુંબઈ | ૧૦મી ફેબ્રુઆરી | 09821123810 |
| શ્રી મનહરભાઈ જગન્નાથ જોષી | આગલોડ | ૧૦મી ફેબ્રુઆરી | 09270985855 |
| શ્રી દીના નીલેશ જપી | સાચોદર | ૧૦મી ફેબ્રુઆરી | (02192) 268894 |
| શ્રી ભક્તિ હતિશ રાવલ | પ્રેમપુર | ૧૦મી ફેબ્રુઆરી | (02772) 232784 |
| શ્રી સાગર ભાર્ગવભાઈ જોષી | આગલોડ | ૧૦મી ફેબ્રુઆરી | 09898474214 |
| શ્રી કુંદનબેન પુરૂષોત્તમ પંચોલી | આગલોડ | ૧૦મી ફેબ્રુઆરી | (079) 27454441 |

આપ સર્વ ભાઈ-બહેનોને આ જન્મ દિવસે સુખ, આનંદ, નીરોગી, આયુષ્ય અને સમાજમય જીવન સાંપડો એ શુભેચ્છાસહ અભિનંદન (**'સર્જન'** ના સભાસદો અને/અથવા **પેટ્રન-આધારસ્થંભ દાતાના નામો** અંહી પ્રગટ થાય છે પણ જેઓના નામ આ વિભાગમાં પ્રગટ થયા નથી તેઓએ તેમના નામ અને જન્મ તારીખ અમને તુરંત જણાવવા વિનંતી છે આ વિભાગમાં હવે **'સર્જન'**ના સભાસદોના અને/અથવા **પેટ્રન-આધારસ્થંભ દાતાઓના નામ**-ગામ અને જન્મતારીખ પ્રગટ થાય છે. **પેટ્રન** થવા માટે રૂા.૫૦૧/- કે તેથી વધુ દાન મોકલવા અને જન્મતારીખ જણાવવા વિનંતી છે.)

## વિનંતી

''**પગથાર**'' માં પ્રતિમાસ પ્રત્યેક લગ્ન, યજ્ઞોપવિત સંસ્કાર અને વિવિધ માંગલિક પ્રસંગોના સમાચાર પ્રગટ થાય છે. આ સમાચાર ક્યારેક વિવિધ સ્થળોએથી પત્રિકાઓથી સાંપડે છે અને ક્યારેક મેળવવામાં આવે છે. આવા પ્રત્યેક મંગલ પ્રસંગોનું આમંત્રણ કાર્ડ અથવા કંકોત્રી ''**સર્જન-પગથાર**''ના કાર્યાલયમાં મોકલવા વિનંતી છે જેથી પ્રત્યેક સમાચારોનું સંકલન સરળતાથી થઈ શકે અને તે સમાચાર '**પગથાર**'માં પ્રગટ કરી શકાય. આવા સહયોગની અમને અપેક્ષા છે.

## વિનંતી

આપશ્રી સર્જન યુવક સંઘ -પગથારના શુભેચ્છક દાતાઓને નમ્ર વિનંતી છે કે આપ શ્રી સર્જન યુવક સંઘના દેના બેંક, માઉન્ટ પોઈસર, બોરીવલી (વેસ્ટ), મુંબઈમાં સેવિંગ ખાતા નં. 048710006834, IFS Code : BKDN0460487 Core Banking દ્વારા આપની નજીકની દેના બેંકની બ્રાન્ચમાં રોકડ તથા ચેકથી દાન ભરી શકશો. આ દાન ભર્યા પછી તેની જાણ પત્ર દ્વારા અથવા 09867053517 મોબાઈલ દ્વારા SMS થી ચેક નંબર, બેંકનું નામ, રકમ અને તારીખ વિગેરે વિગતો જણાવવા વિનંતી છે. અથવા તે બેંક સ્લિપ સંસ્થાના કાર્યાલયમાં મોકલવા અથવા શ્રી સર્જન યુવક સંઘના **E-Mail ID** ઉપર મોકલશો. તે ઉપર ચેક નંબર, રકમ, તારીખ અને બેંકનું નામ લખવા વિનંતી છે.

## બ્રાહ્મણ સેવા સમાજ
### ૯૦મો યુવકયુવતી પરીચય મેળો

બ્રાહ્મણ સેવા સમાજ તરફથી તેના ૪૧મા વર્ષે ૯૦મો લગ્નોત્સુક યુવક-યુવતીઓનો પરિચય મેળો તા.૨૬-૨-૨૦૧૭ના રોજ કાંદીવલી, મુંબઈમાં યોજાયો છે. આ પ્રસંગે ઉમેદવારની માહીતી આપતી પુસ્તિકા તેમજ વિડીયોસીડી પ્રગટ કરાશે અને તે દરેક ઉમેદવારને વિનામુલ્યે અપાશે. પ્રવેશશુલ્ક રૂા.૮૦૦/- છે જેમાં ઉમેદવાર સાથે બે વાલીને ભોજન સાથે પ્રવેશ અપાશે. વધુ વિગતો માટે સંપર્ક : શ્રી અલ્કેશભાઈ વ્યાસ (ફોનઃ M.: 9819673665) અથવા શ્રી જયકાન્તભાઈ જોષી (ફોનઃ M.: 9819621997)

## શ્રી સર્જન યુવક સંઘ

**(૧) જશુમતીબેન સુમનભાઈ ઠાકર શ્રેષ્ઠ વક્તા પારિતોષિક સન્ -૨૦૧૬**

શ્રી સર્જન યુવક સંઘના ઉપક્રમે પ્રતિવર્ષ વર્ષ દરમિયાન યોજાયેલા વિવિધ સમારોહના વિવિધ વક્તાઓમાંથી શ્રેષ્ઠ વક્તાઓને **જશુમતીબેન સુમનભાઈ ઠાકર શ્રેષ્ઠ વક્તા પારિતોષિક** અપાય છે. સન ૨૦૧૬ના વર્ષમાંના વિવિધ સમારોહોમાંના વિવિધ વક્તાઓમાંથી શ્રેષ્ઠ વક્તા હવે પસંદ કરવાના છે. આવા શ્રેષ્ઠ વક્તાનું નામ-સરનામું અને સમારોહ પ્રસંગની વિગતનું સુચન-દરખાસ્ત-નામાંકન સંસ્થાના કાર્યાલયમાં તા.૩૧-૧-૨૦૧૭ સુધીમાં મોકલવા વિનંતી છે. આ સુચન - દરખાસ્ત ઉપર તે પછી સંસ્થા વિચારણા કરી સંસ્થા નિર્ણય કરશે.

**(૨) પગથારમાંની શ્રેષ્ઠ ગદ્ય અને પદ્ય રમણિકલાલ મણીલાલ જોષી પારિતોષિક સન-૨૦૧૫**

**શ્રી સર્જન યુવક સંઘ**ના ઉપક્રમે પ્રતિવર્ષ વર્ષ દરમિયાન પ્રગટ થયેલા પગથારમાંની શ્રેષ્ઠ મૌલિક ગદ્ય અને શ્રેષ્ઠ મૌલિક પદ્ય કૃતિને **રમણીકલાલ મણીલાલ જોષી પારિતોષિક** અપાય છે. સન ૨૦૧૬ દરમિયાન પ્રગટ થયેલ પગથારમાંની શ્રેષ્ઠ ગદ્ય અને શ્રેષ્ઠ પદ્ય મૌલિક કૃતિ લેખ-કવિતાનું શિર્ષક અને લેખક-કવિનું નામ, પગથારના અંકની વિગતોનું સુચન-દરખાસ્ત નામાંકન સંસ્થાના કાર્યાલયમાં તા.૩૧-૧-૨૦૧૭ સુધીમાં મોકલવા વિનંતી છે. આ સુચન-દરખાસ્ત નામાંકન ઉપર તે પછી વિચારણા કરી સંસ્થા નિર્ણય કરાશે.

**(3) નર્મદાશંકર બળદેવરામ રાવલ શ્રેષ્ઠ સંગીતકાર પારિતોષિક સન-૨૦૧૬**

**શ્રી સર્જન યુવક સંઘ**ના ઉપક્રમે પ્રતિવર્ષ વર્ષ દરમિયાન આપણા પરિજનોમાં સંગીતના ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કરનારને **નર્મદાશંકર બળદેવરામ રાવલ શ્રેષ્ઠ સંગીતકાર પારિતોષિક** અપાય છે. સન ૨૦૧૬ દરમિયાન આપણા પરિજનોમાં વિવિધ સંગીતકારમાંથી શ્રેષ્ઠ સંગીતકાર પસંદ કરવાના છે આવા શ્રેષ્ઠ સંગીતકારનું નામ-સરનામું વિગેરેનું સુચન - દરખાસ્ત નામાંકનસંસ્થાના કાર્યલયમાં તા.૩૧-૧-૨૦૧૭ સુધીમાં મોકલવા વિનંતી છે. આ સુચન - દરખાસ્ત - નામાંકન ઉપર તે પછી વિચારણા કરી સંસ્થા નીર્ણય કરાશે.

**(૪) રાધેશ્યામ મહારાજ સ્મૃતિ પારિતોષિક સન-૨૦૧૬**

**શ્રી સર્જન યુવક સંઘ**ના ઉપક્રમે પ્રતિવર્ષ વર્ષ દરમિયાન ફીલ્મી ગીતો પર આધારીર ન હોય તેવા સ્વરચિત ભજનોમાં શ્રેષ્ઠ પ્રદાન કરનારને અથવા કર્મકાંડમાં અગ્રીમ ભાગ સમર્પીત કરનારને અથવા કર્મકાંડમાં ઉપાધિ ડીગ્રી મેળવનારને અથવા કર્મકાંડમાં સંશોધન કરનારને **રાધેશ્યામ મહારાજ સ્મૃતિ પારિતોષિક** અપાશે. સન ૨૦૧૬ના વર્ષમાંના આપણા પરિજનોમાંના ઉપરોક્ત વિષયમાંના શ્રેષ્ઠ વ્યક્તિની વિગતનું સુચન - દરખાસ્ત નામાંકન સંસ્થાના કાર્યલયમાં તા.૩૧-૧-૨૦૧૭ સુધીમાં મોકલવા વિનંતી છે. આ સુચન - દરખાસ્ત ઉપર તે પછી વિચારણા કરી સંસ્થા નીર્ણય કરશે.

**આપણા મંડળની ઓફીસે કવર મોકલતા ખાસ ધ્યાનમાં લેવા વિનંતી.....**

શ્રી સર્જન યુવક સંઘ, - મુંબઈ ઓફિસ ઉપર કવર મોકલો તો કવર ઉપર ખાસ "DROP" લખવા વિનંતી છે. કારણકે જો ઓફિસ બંધ હોય તો કવર પાછું જવાની પુરી સંભાવના રહે છે. આપનું કવર મંડળને વ્યવસ્થિત મળે અને પાછું ન જાય તે માટે નીચે મુજબ એડ્રેસ લખી મોકલવા વિનંતી છે. કવર ઉપર ખાસ "DROP" લખવા વિનંતી છે.

કાર્યાલય : શ્રી સર્જન યુવક સંઘ, ૬,ગુરૂકૃપા, નવવિકાસ સોસાયટી,ડૉ. મસ્કરન્સ વાડી,ઓફ લક્ષ્મણ મ્હાત્રે રોડ, નવાગાંવ ટેકરી, દહિસર-વેસ્ટ, મુંબઈ-400068.

**Website : www.pagthar.wordpress.com**
**E-mail : pagthar@yahoo.com or sarjan.pagthar@rediffmail.com**

## મહિલા ઉત્કર્ષ મંડળ પર્યટન

મહીલા ઉત્કર્ષ મંડળ તરફથી તા.૨૧ અને તા.૨૨-૧-૨૦૧૭ના રોજ બે દિવસનું હરિહરેશ્વર (કોંકણ)ની યાત્રા યોજાઈ છે. વધુ વિગતો અને નામ નોંધણ માટે સુશ્રી હેમા દ. ઠાકર (ફોન : 09324915191) અથવા સુશ્રી ગીતા આ. જોષી ફોન : 09029997811)નો સંપર્ક કરવા વિનંતી છે.


અનીરૂધ્ધ વા. જપી

**રસોઈ કામ માટે**

**જય અંબે કેટરર્સ**

M. (O) 9427803175
(O) 9725538987

લેબરથી તથા ડીસ કોન્ટ્રાક્ટથી રસોઈ બનાવનાર તથા રસોઈના વાસણો ભાડે આપનાર

**ઓફીસ : મેઈન બઝાર, જેતલપુર, તા.દ્રસકોઈ, જિ.અમદાવાદ 382426 ફોન : (079) 2909 4083 (C.T.M.)**

**ઘર : C-૩૦૧, શ્રીનંદ રેસીડેન્સી, રાધે બંગલોજ અને સદ્ગુરૂ બંગલોજની પાસે, ન્યુ મણીનગર, વડોદરા એક્ષપ્રેસ હાઈવે પાસે, (C.T.M.) અમદાવાદ 380026**



**ભરત પટેલ**
**M (O) 09586826814**

**દેવાંગ પંડયા**
**M (O) 9879034149**

**જે.કે.એન્ટરપ્રાઈઝ**

ઉત્પાદક : સ્ટીલ પાવડા, લોખંડ પાવડા

મુ.નવા સંઘપુર, તા. વિજાપુર, જિલ્લો : મહેસાણા. (ઉ.ગુ)
**Email : dev_pandya1989@yahoo.com**




દીકરી ઘર છોડે ને દીકરો તરછોડે ત્યારે માવતર રડી પડે છે.

## સંપર્ક સેતુ

**એડ્રેસ ડીરેક્ટરીની નવમી આવૃત્તિમાં**
**સુધાર-વધારા-ફેરફાર નીચે પ્રમાણે નોંધવા વિનંતી છે.**

**(૧૩)**

**૨૧૧ યાજ્ઞીક વસુબેન (દેવચાની) જયશંકર** LM
**(પંડ્યા દેવચાની નાનાલાલ, આગલોડ)**
નીલકંઠ, A-4 વિરવિજય સોસાયટી, શુભલક્ષ્મી ટાવર પાસે,
વિજયનગર રોડ, નારણપુરા, અમદાવાદ - 380013

**૩૦૨ જોષી ભરતભાઈ મહીધરલાલ** LM
**જોષી સમીર ભરતભાઈ** LM
**જોષી જીગીષા સમીર** LM
Bhoomi Acares, Wing G, Flat 1102,
Behind Hiranandani Estate, Waghbill
Road, Off. Ghodbunder Road,
Thane (W) - 400601
ફોન - M.: 08879115753,
08879115775 (સમીર)

**૬૭૫ પંડ્યા ઉમેશભાઈ ડાહ્યાલાલ** LM
**પંડ્યા વિશાલ ઉમેશભાઈ**
**પંડ્યા અમિત ઉમેશભાઈ**
301, Shiv Prathmesh Apt., 3rd Floor,
Behind Rama Apts., Opp. Gayatri Mandir,
Nagindaspada, Virar Road, Nalasopara
(E), Ta.Vasai, Dist.Palghar 401209.

**૭૭૧ દવે સંજયભાઈ કિરીટકુમાર** LM
**(જોષી ભારતીબેન ચીમનલાલ, મોયદ)**
**દવે મીતેશ સંજયભાઈ**
B-22, સાબરકાંઠા બેંક સોસાયટી,
ગાયત્રી મંદિર રોડ, મહાવીરનગર, હિંમતનગર,
જિ.સાબરકાંઠા - 383001
ફોન - (02772) 235919
M.: (0) 7874296901/9409569433

**૭૭૨ દવે મૌલીક મનોજભાઈ**
**દવે જહાન્વી મૌલિક** LM
**(દવે જહાન્વી સંજયભાઈ)**
મુ.શંકરપુરા, પોસ્ટ, ચીબોડા, તા.ભિલોડા,
જિ.અરવલ્લી - 383245
ફોન - M.: (0)9409568937
(0) 9427593751

**૮૫૮ રાવલ જીતેન્દ્ર (જનક)ભાઈ બાબુલાલ**
**રાવલ સૌરભ જીતેન્દ્ર (જનક)ભાઈ**
મુ.શંકરપુરા, પોસ્ટ, ચીબોડા, તા.ભિલોડા,
ફોન - M.: (0)9979608559
(0) 9662262302 સૌરભ

---

જીવનલીલા સંકેલી લીધા બાદ પણ અન્યોની જીંદગીમાં દ્રષ્ટિથી પ્રકાશ રેલાવતા જવું એમાંથી મોટું ક્યું પુણ્ય હોઇ શકે ?

**ચક્ષુદાન કરો અને એ પુણ્યના હકદાર બનો**

## દેહોત્સર્ગ

આંખનું જતન કરો ! મૃત્યુ બાદ ચક્ષુદાન કરો !
પગથારમાં ચક્ષુદાતા/દેહદાતાની મરણનોંધ સાથે ચક્ષુદાતા/દેહદાતાનો ફોટો પ્રગટ થાય છે.

'પગથાર' ની આ મરણનોંધમાં સ્વર્ગસ્થ સ્વજનના નામ સાથે સગપણ અને નામો પ્રગટ થાય છે. આવા નામો અને સગપણ 'પગથાર' ને ઈ-મેઈલથી તુરત જ જણાવવા વિનંતી છે જેથી શરતચૂક ન થાય. સ્વર્ગસ્થને શ્રદ્ધાંજલિમાં લખાણ, ફોટો અને નામ પ્રગટ કરવાના હોય તેઓએ સ્વર્ગસ્થનો ફોટો, નામ અને લખાણની વિગતો જણાવવા વિનંતી છે. આવા એક આખા પાનાના રૂ. ૧૫૦૦/- શ્રી સર્જન યુવક સંઘને આપવાના થશે.

❒ **તારાબેન જેઠાલાલ પાઠક** (આગલોડ, ઉ.વ.૯૦, સ્વ.જેઠાલાલ મણીલાલ પાઠકની પત્ની, હરવદન તથા સુશ્રી પ્રવિણાબેન મહેશભાઈ જોષી (દાવડ)ના મમ્મી તથા સ્વ.ભજગોવિંદ ત્રીકમલાલ જપી (પ્રેમપુર)ના બહેન)નો વાપીમાં તા.૯-૧૨-૨૦૧૬ ના રોજ સ્વર્ગવાસ થયો છે.

❒ **ભીખાલાલ શાંતિલાલ વ્યાસ** (બેરણા, ઉ.વ.૭૨, મધુબેનના પતિ, કેયુર તથા હર્ષિતના પિતા તથા સ્વ.સવિતાબેન અને સ્વ.અંબાલાલ ગણપતરામ ઠાકર (પ્રેમપુર)ના જમાઈ)નો હિંમતનગરમાં તા.૧૩-૧૨-૨૦૧૬ના રોજ સ્વર્ગવાસ થયો છે.

**સર્જન-પગથાર** સ્વર્ગસ્થોના આત્માની શાંતિ અર્થે પ્રાર્થના કરે છે અને એમના સ્વજનોને સાંત્વના પાઠવે છે.

## મહીલા ઉત્કર્ષ મંડળ

મહીલા ઉત્કર્ષ મંડળના સન ૨૦૧૬-૨૦૧૭ના વર્ષ માટે નવા કાર્યવાહક મંડળની રચના તાજેતરમાં કરાઈ હતી. આ પદાધિકારીઓના નામ આ પ્રમાણે છે.

**પ્રમુખ** - સુશ્રી હેમા દક્ષેશ ઠાકર, **ઉપપ્રમુખ** - સુશ્રી ગીતા આકાશ જોષી, **મંત્રી** - સુશ્રી આશા પ્રકાશ ઉપાધ્યાય, **ઉપમંત્રી** - સુશ્રી સાધના અનુપમ જોષી, **ખજાનચી** - સુશ્રી શ્વેતા આશીષ પંડયા, **ઉપખજાનચી** - સુશ્રી રાજશ્રી ચિંતન મહેતા, **વ્યવસ્થાપક** - સુશ્રી મીનલ કેતન પંડયા, સુશ્રી દર્શના સીધ્ધાર્થ ઠાકર, સુશ્રી શર્મીષ્ઠા હીતેષ પાધ્યા, **સલાહકાર** - સુશ્રી રંજન વિનય ઠાકર, સુશ્રી અરૂણા મહેશ જાની, સુશ્રી યામીની ધ્રુવ મહેતા, સુશ્રી અંજના વિનય જાની, સુશ્રી ડૉ.ખુશમન જગદીપ ઉપાધ્યાય, સુશ્રી કિર્તીબેન જયકાન્ત જોષી


With Best Compliments From :



**ARYANIVAS**
RESIDENTAL HOTEL
KALBADEVI ROAD, MUMBAI - 400 002.
PHONE - (022) 2201 1011, 2205 1211, 2206 6679 GRAM : ARYANIVAS, MUMBAI - 2.

### પાણીગ્રહણ સંસ્કાર





## કુર્યાત સદા મંગલમ્




અંજુબેન અને વિનયકુમાર કાન્તીલાલ જાનીનાં સુપુત્ર **ડો.રીધ્ધેશ વિનય જાની**ના રોજ તા.૪-૧૨-૧૬નાં **ડો.સ્વાતિ શ્રીવાસ્તવ** સાથે શુભમુહૂર્તમાં મંત્રોચ્ચાર સહિત અગ્નિની સાક્ષીમાં સપ્તપદી પરિક્રમા ત્થા સનાતન ધર્મની પરંપરા અનુસાર J.W.Marriott માં સંપન્ન થયા હતા.

આ પ્રસંગે આર્શિવાદ અને શુભેચ્છા આપવા સમગ્ર ટેલીવુડ ને બોલીવુડ આવ્યું હતું.

પ્રસંગનાં મુખ્ય આકર્ષણ ફિલ્મ અભિનેત્રી રવીના ટંડન વરને પોંખવાની વિધીથી લઈને વિદાય સુધી હાજરી આપી હતી.

આ શુભ પ્રસંગે - સંપૂર્ણ રૂખીબા પરિવાર હાજર રહ્યો હતો.

**સૌજન્ય : રૂખીબા પરિવાર - ખેડાવાડા**







Posted at Malad N.D. Post Office, Mumbai - 400064.
Published On 2nd of every month
Positng on 3rd or 4th of every month

PAGHTAR (8)
January - 2017

R.N. 18727/69
Regd.No. MH/MR-NW-153/2017-19




- સ્વ.કાન્તાબેન તથા સ્વ.મુળશંકર ગીરજાશંકર ભટ્ટ (આગલોડ)ની દીકરી સુશ્રી દક્ષાબેન તથા શ્રી દીપકભાઈ રમણલાલ જાની (હિંમતનગર)ના સુપુત્ર **ચિ.હાર્દિક**ના લગ્ન સુશ્રી ઉર્મીલાબેન તથા શ્રી રમણભાઈ ભોગીલાલ ભટ્ટ (બામરોણાં)ની સુપુત્રી **ચિ.મીતલ** સાથે હિંમતનગરમાં તા.૫-૧૨-૨૦૧૬ના રોજ થયાં છે.
- સુશ્રી પ્રવિણાબેન તથા શ્રી જયરાજ શંકરલાલ જપી (પ્રેમપુર)ના સુપુત્રી **ચિ.ચિંતન**ના લગ્ન સુશ્રી દિયાબેન તથા શ્રી દત્તાત્રય ઘાડીગાંવકરની સુપુત્રી **ચિ.અલ્પના** સાથે મુંબઈમાં તા.૮-૧૨-૨૦૧૬ના રોજ થયાં છે.
- સુશ્રી પુષ્પાબેન તથા સ્વ.ઉમાકાન્ત લલ્લુરામ જોષી (ઈલોલ)ની દીકરી સુશ્રી હર્ષાબેન તથા શ્રી ભૂપેન્દ્રભાઈ પુરૂષોત્તમદાસ આચાર્ય (અમદાવાદ)ના સુપુત્ર **ચિ.ૠષભ**ના લગ્ન સુશ્રી બિન્દુબેન તથા શ્રી મહેન્દ્રભાઈ તેજશંકર દશોરાની સુપુત્રી **ચિ.પ્રિયા** સાથે ઈન્દોરમાં તા.૮-૧૨-૨૦૧૬ના રોજ થયાં છે
- સુશ્રી જયશ્રીબેન તથા શ્રી કમલભાઈ મુળશંકર ભટ્ટ (આગલોડ)ની સુપુત્રી **ચિ.વૈદેહી**ના લગ્ન સુશ્રી અપેક્ષાબેન તથા શ્રી ભાસ્કરરાય જશવંતલાલ જાનીના સુપુત્ર **ચિ.પ્રત્યુષ** સાથે ગાંધીનગરમાં તા.૯-૧૨-૨૦૧૬ના રોજ થયાં છે.
- સુશ્રી કુંદનબેન તથા શ્રી મેહુલભાઈ શંકરલાલ રાવલ (આગલોડ)ના સુપુત્ર **ચિ.ધ્રુવ**ના લગ્ન સુશ્રી ગીતાબેન તથા શ્રી અરવિંદભાઈ ડાહ્યાલાલ પંડયા (જામળા)ની સુપુત્રી **ચિ.નમ્રતા** (જાની) સાથે જામળામાં તા.૧૨-૧૨-૨૦૧૬ના રોજ થયાં છે
- સુશ્રી હર્ષાબેન તથા શ્રી વિજયરાજ ભોગીલાલ રાવલ (આગલોડ)ની સુપુત્રી **ચિ.ભાવિની**ના લગ્ન સ્વ.આનંદીબેન તથા શ્રી સુર્યકાન્ત પ્રહેલાદજી પંડયા (જામળા)ની દીકરી સુશ્રી અંજનાબેન તથા શ્રી મહેશભાઈ મંગળદાસ જોષી (પીલુદ્રા)ના સુપુત્ર **ચિ.રોહન** સાથે અમદાવાદમાં તા.૧૩-૧૨-૨૦૧૬ના રોજ થયાં છે.

**'સર્જન-પગથાર' તરફથી નવદંપતિને આશિષભર્યા અભિનંદન.**

## પ્રેરણાસ્ત્રોત

આશ્રમના અધિષ્ઠાતા દરેક સાધકની સાધનાપદ્ધતિ નીરખતા, ક્યાંય તૂટ દેખાય, નબળાઈ વરતાય કે શિથિલતા લાગે ત્યાં માર્ગદર્શન કરી પોતે અલિપ્ત રહેતા. એક સાધકની વર્તણૂક માટે તેઓ ચિંતિત રહેતા. તે ધ્યાન કરે, જાપ કરે કે આશ્રમનું કંઈ પણ કાર્ય કરે, સતત તે બીજાઓનું ધ્યાન ખેંચતો રહે, સતત કેન્દ્રમાં રહેવા પ્રયત્નશીલ રહે. અધિષ્ઠાતા માટે આ વસ્તુ સામાન્ય હતી. તેઓ સમજતા કે શરૂઆતમાં આવું વલણ હોવું તે સ્વાભાવિક છે, પણ સમયાંતરે એમાંથી બહાર નીકળી જવું જોઈએ. એકાદ-બે વાર આડકતરું સૂચન કર્યું, પણ કંઈ ફેર ન પડ્યો.

એક દિવસ તે સાધક ધ્યાન કરી રહ્યો હતો. ગુરુ તો તરત જ તેની સામે ગોઠવાઈ ગયા. સાથે પથ્થર અને ઈંટ લાવ્યા હતા. તેમણે તે ઈંટને પથ્થર સાથે ઘસવાનું શરૂ કર્યું. અવાજ થવા લાગ્યો. પેલો સાધક ઊંડા ધ્યાનમાં હોય તેવું દેખાડવો વધુ જોરથી આંખ મીંચી બેસી રહ્યો. પણ ગુરુયે મંડી પડ્યા હતા. આજ ફેંસલો થવો જ જોઈએ.

થોડી વાર અવાજ સહન કરી સાધકે આંખ ઉઘાડીને પૂછ્યું,'પ્રભુ... આ શું કરી રહ્યા છો?' ગુરુ કહે,'આ ઈંટને પથ્થર સાથે ઘસવાથી ઈંટનું દર્પણમાં રૂપાંતર થાય એવું મેં સાંભળ્યું એટલે થયું કે પ્રયોગ કરી જોઉં.' સાધકે કહ્યું,'આ તો અશક્ય છે. તમે ક્યાં આવી વાતમાં આવીને વ્યર્થ પ્રયત્ન કરો છો!' ગુરુ કહે,'હું વ્યર્થ પ્રયત્ન કરું છું તે જો તને સમજાતું હોય તો તું જે કરે છે તે કેમ દેખાતું નથી? લોકોને દેખાડીને કરાતું કાર્ય કે સાધના બિલકુલ ઉપયોગી નથી. ફળ મળવું તો બાજુએ રહ્યું, પણ આત્મશ્લાઘામાં સરી પડીને ભવ-ભ્રમણ વધે છે. મારું કહેવું એટલું જ છે. બાકી તને યોગ્ય લાગે તેમ કર. ઈશ્વરે તને સ્વીકાર્યો એટલે તું આ પથ પર આવ્યો. મારી વાત અહીં પૂરી થઈ. બાકી ઈશ્વરની ઈચ્છાનો જય હો.'

**અને છેલ્લે -**

જીવનમાં જો કોઈ તમારા કાર્યોની પ્રશંસા ન કરે તો ચિંતા ન કરશો કારણ તમે એ જગતમાં રહો છો જ્યાં તેલ અને દીવેટ બળે છે પરંતુ લોકો કહે છે કે દીવો બળે છે.

If undelivered return to:
**PAGTHAR**
Gujarati - Monthly
**SHRI SARJAN YUVAK SANGH**
6, Gurukrupa,
Dr. Mascarans Wadi, Nav Vikas Society,
Navagaon Tekri, Off Laxman Mhatre
Road, Dahisar (West), Mumbai - 400 068.

To,
*Shri*

આ પગથાર પ્રકાશનમાં થતા લેખ દ્વારા વ્યક્ત અભિપ્રાયો પગથારના તંત્રી, મુદ્રક, પ્રકાશક કે માલિક સંમત છે એમ સ્વિકારવું નહીં. પગથાર - શ્રી સર્જન યુવક સંઘ સંબંધી વિવાદોનું ન્યાયક્ષેત્ર મુંબઈ રહેશે. (**Subject to Mumbai Jurisdiction**) માલિક : શ્રી સર્જન યુવક સંઘ, મુંબઈ, ૬, ગુરૂકૃપા, ડૉ. મસ્કરન્સ વાડી, નવવિકાસ સોસાયટી, નવાગામ ટેકરી, ઓફ લક્ષ્મણ મ્હાત્રે રોડ, દહિસર (વેસ્ટ), મુંબઈ - **400068** વતી તંત્રી-મુદ્રક-પ્રકાશક : શ્રી વિજય અમૃતલાલ વ્યાસે, લકી પ્રિન્ટર્સ, ૪૦ મહેતા ઈન્ડ. એસ્ટેટ, લીબર્ટી ગાર્ડન ક્રોસ રોડ નં.૩, મલાડ (વેસ્ટ), મુંબઈ **400 064** માં છપાવી શ્રી સર્જન યુવક સંઘ, ૬, ગુરૂકૃપા, ડૉ. મસ્કરન્સ વાડી, નવવિકાસ સોસાયટી, ઓફ લક્ષ્મણ મ્હાત્રે રોડ, નવાગાંવ ટેકરી, દહિંસર (વેસ્ટ), મુંબઈ - **400068** થી પ્રગટ કર્યું.Printed, Published & Edited by Shri Vijay Amratlal Vyas On behalf of Shri Sarjan Yuvak Sangh, 6, Gurukrupa, Dr.Mascarans Wadi, Nav Vikas Society, Off Laxman Mhatre Rd, Navagaon Tekri, Dahisar (West), Mumbai 400068, Printed at Lucky Printers, 40, Mehta Ind. Estate, Liberty Garden Cross Road No.3, Malad (W) Mumbai - 4000 64 & Published at Shri Sarjan Yuvak Sangh, 6, Gurukrupa, Dr. Mascarans Wadi, Nav Vikas Society, Off Laxman Mhatre Rd, Navagaon Tekri, Dahisar West, Mumbai 400 068 Editor Shri Vijay Amratlal Vyas.